जागर्तु कोऽपि वसुधावलयेऽनसूयः
सन्मार्मिकः, प्रयतनं हि यदर्थमेतत् ॥
આ પૃથ્વીના પટલ પર કોઈક સન્માર્મિક આત્મા આ લખાણોથી જાગૃત થશે, તે માટેના આ પ્રયાસો છે.

# વિનિયોગ સમાચાર

માસિક

Vol.: 17 • Issue No. : 4 • Pages : 8 MUMBAI • 1st April - 2019 Price Rs.10/- Annual Subscription Price : Rs . 101/-

## સંક્રાંતિકાળ સમયે સૂત્રાત્મક મિમાંસા

સંપાદકીય નોંધ : સામાજિક અને રાજકીય ક્ષેત્રે પરિવર્તનના વાયરા વહેતાં હતા તેવા લગભગ ૮૦ વર્ષ પૂર્વના સમયે પૂજ્ય પંડિતજીએ તેમના એક પત્રમાં (પત્ર કોને લખાયેલો છે, તે ધ્યાનમાં આવતું નથી) તે વખતના સંજોગોની અને આવનારા સમયના એંધાણોની સૂત્રાત્મક મિમાંસા કરી હતી. આજે તે લગભગ ૧૦૦ ટકા સાચી પડેલ જણાય છે. ધન્ય છે પંડિતજીની દીર્ઘદૃષ્ટિને!

તા.૭-૧-૧૯૩૯
ગોલવડ, મહેસાણા

પત્ર મળ્યો. લીંબડીના નગરશેઠ આગેવાન થયા તે સારું થયું, અને ખોટું પણ થયું. કેમ કે નગરશેઠ પોતાની બુદ્ધિ ઉપર ચાલે તો સારું. તેમાં તેમણે કોઈની સલાહ લેવાની ન હોય.

ગામનો-સ્થાનિક પ્રજાના ગામડાનો જે અવાજ આવે તે રાજ્ય પાસે રજૂ કરવો. પ્રજાની બાબતમાં ખુલાસો આપવાને નગરશેઠ સત્તાધીશ છે. માત્ર રાજ્યના જુલમ કે અન્યાય સામે હંમેશની પદ્ધતિ પ્રમાણે નગરશેઠ રાજ્ય પાસે મૂકે અને અન્યાય દૂર કરાવે.

મુશ્કેલી જવાબદાર રાજ્યતંત્ર માગવામાં છે. ભાંજગડ તેમાં છે. તેમાં યુરોપીય મુત્સદ્દીઓ દેશનેતાઓ મારફત અમુક મુદ્દાની પ્રજાની માગણીમાં વણી દઈને પોતાને માટે ભવિષ્યમાં સગવડ ઊભી કરી લે છે.

(૧) નગરશેઠે જેલમાં જવાનું હોય નહીં. રાજ્યના અન્યાયના મુદ્દા રાજ્ય સાથે શાંતિથી ચર્ચીને દૂર કરાવવા જોઈએ.

(૨) જવાબદાર રાજ્યતંત્રની વાત ન કરવી જોઈએ. જ્યારે જ્યારે પ્રજાનો અવાજ આવે તેમાં રાજ્ય સંસ્થા પાસે સગવડ મેળવવી જોઈએ. નગરશેઠ સભા મેળવવી ન જોઈએ. પરંતુ જે રીતે નગરશેઠની સભા મળતી હોય તે જ રીતે તે જ પદ્ધતિએ તે જ આગેવાનો પ્રમાણે મેળવવી. ગામડામાં પણ જે પટેલ મારફત મળતી હોય, તે મારફત મેળવીને, બહારની હવા કે વાતાવરણથી પર રહીને.

આપણને રાજ્ય તરફની શી કનડગત છે? તેનું લીસ્ટ સ્વયં પ્રેરણાથી કરવું જોઈએ. અને તે દૂર કરાવવા શું કરવું? તેનો પણ ઉકેલ સ્વયં પ્રેરણાથી કરવો જોઈએ. નગરશેઠ આગેવાન થઈને જેલમાં જાય કે બીજો કોઈપણ આગેવાન થાય ને જેલમાં જાય, મુત્સદ્દીઓને મન બધું સરખું છે. અન્યાયો કે કનડગતો દૂર કરવા સામે રાજ્ય વાંધો નહીં લે. પણ રાજકુટુંબનો ખર્ચ ઘટાડવો.

(૩) જવાબદાર રાજ્યતંત્રની માગણી. અને

(૪) સત્યાગ્રહનો મોરચો, એ જેલમાં લઈ જશે, અને સમાધાનમાં રાજકોટનું અનુકરણ થવાનું. આ બાબતમાં નગર શેઠો ભાગ લે તો વળી મુત્સદ્દીઓને વધારે સગવડ. કેમકે બધે તેવી સગવડ ન મળવાથી બીજા આગેવાનો ઊભા કરવા પડે છે, અને પાછળથી નગરશેઠો તોડવાનું રહે છે, પણ નગરશેઠો જ પહેલેથી મોરચામાં આવી જાય, તો પછી સોનું ને સુંગંધ.

પરંતુ જો નગરશેઠો (૧) જેલમાં ન જાય (૨) સત્યાગ્રહ ન કરે (૩) રાજ્ય કુટુંબનો ખર્ચ ઓછા કરાવવાનું આગળ ન ધરે (૪) જવાબદાર રાજ્યતંત્રની લપમાં ન પડે; માત્ર રાજ્ય અને નગરશેઠની રૂઈએ રાજ્યની કનડગત કે અન્યાયો કે મહાજન ઉપરનું દબાણ ઓછું કરાવી શકે તો જ ફાવટ ગણાય. અને એ બધું કરવા છતાં નગર શેઠ રૈયતનો અર્થ રાજકોટની જેવો લગભગ સ્વીકારે, કે ચૂંટણીના આગેવાનો, પ્રતિનિધિઓ સ્વીકારે, તો પણ મુવા નહીં ને પાછા થયા.

વારસા હક્ક કાયમ રહેવો જોઈએ. રાજાની માફક રાજાના હક્ક જાય, ત્યારે થવું હોય તે થાય.

માટે નગરશેઠોને આગળ કરવામાં પણ બીજી મુશ્કેલી છે. માટે સાવચેતીથી સમજીને જોઈ વિચારીને પગલાં ભરજો.

રાજકોટમાં બહુ મોડું થયું હોય અને હાથથી બાજી ગઈ હોય, તો બધેય બહુ મોડું થયું સમજજો. બધેય થોડી ઘણી બાજી કથળશે. વજુભાઈ શુક્લ જેવા આગેવાનો - એ દૃશ્ય જ મારા મનને ખળભળાવે તેવું છે. તેમને પૂર્વાપરની કાંઈ માહિતી જ નહીં. પણ સંજોગ બળવાન છે.

કાઠીયાવાડમાંથી આવતી સલાહની માગણીમાંથી **જવાબદાર રાજ્યતંત્રની માગણી** નાબુદ થાય તો સારું. ઉતાવળ કરવાની જરૂર નથી. એમ કહીને ઠંડા પાડવામાં મજા છે પણ એજન્સી તેમ થવા નહીં દે તેની ઇચ્છા ગરમ ટીપવાની છે. એજન્સી કાંઈ સીધું નહીં કરતી હોય, તો ઇન્ડિયા ઓફિસ દાવ ખેલ્યે જવાની. એવું વાતાવરણ ક્યાંક ઉગ્ર બનાવશે કે વળી પાછું સૌનું ધ્યાન

ખેંચાશે. બાકી આપણને ઠંડું કરવામાં લાભ છે. મહાજનો જે સભાના રૂપમાં ફેરવાઈ જાય, અને નગરશેઠો સરમુખત્યારો જેલમાં જતા જાય. અને તેની પછી નવા સરમુખત્યારો નગરશેઠો આવતા જાય, તેમ તેમ જૂના રદ થતા જાય. અને નવાના અધિકાર જામતા જાય. એ પણ રેકર્ડ થાય. તે પણ નગરશેઠોની સત્તાને ડોલાવવાને કાયદેસર વિચિત્ર વસ્તુ છે. કેમ કે નગરશેઠના પ્રતિનિધિ બેસે, પણ નગરશેઠ જીવતો હોય અને રદ ન કરેલ હોય ત્યાં સુધી બીજો નગરશેઠ આવી શકે નહીં. સરમુખત્યારના ૧લો પ્રતિનિધિ, ૨જો પ્રતિનિધિ એમ થાય તો વાંધો નહીં, પણ પહેલા સરમુખત્યાર, બીજા સરમુખત્યાર એવો ક્રમ ચાલે તો પહેલા પહેલાના રદ થાય. જેલમાંથી છૂટ્યે બધું પાછું હોય, એમ ચાલુ થાય. પણ પોતાના જીવતાં એક નગરશેઠ બીજા નગરશેઠ હોવાનું કબૂલ રાખે છે, એવું રેકર્ડ થાય. એ નગરશેઠની સંસ્થાને નુકસાન કર્તા. કેટલી ઝીણવટ વિચારવાની છે ?

માટે કેવી સલાહ આપવી તે કાગળો લખતાં વિચારજો. સારું થશે તો જશનો લાભ તમને કાગળ લખનારને છે, અને તમારા કાગળથી મહાજન સંસ્થાને નુકસાન ન થાય. લાભ ન થાય તેની હરકત નથી. એમને એમ રહે તેની હરકત નથી. પણ નુકસાન ન થવું જોઈએ. એ જવાબદારી વિચારીને કલમ હાથમાં લેજો. છતાં બળતામાંથી જેટલું બચાવાય તેટલું બચાવજો. પ્રજા પોતાનું પોતાનું મેળે ફોડી લે એમ નથી. એટલે ભૂલાભાઈને સોંપવું પડે છે. કાઠિયાવાડમાં ડુંગરા ઘણા છે, એટલે તેની સ્ત્રીઓ તો પથરા જ જણતી હશે. એટલે બુદ્ધિની ભીખ માગવા તેના લોકો બહાર દોડી રહ્યા છે. વાહ જવાબદાર રાજ્યતંત્રના સંચાલક ! છે તેમ કાયમ રાખીને વચ્ચેથી અમલદાર શાહીની સત્તા જ ઢીલી પાડવાની છે. બાકી હતું તેમ ચાલવા દો. કાંઈ કરવાની જરૂર નથી. પક્ષો કરવાની ધૂનમાં નવા નવા બંધનો સ્વીકારીને પ્રજાના ભોગ માટે દેવાના છે.

વિગેરે આ અને અગાઉના કાગળોમાં લખાયેલી બાબતમાં બને તેટલો બચાવ કરજો.

રાજકોટ મોહન કપૂરચંદ મહેતા વિગેરે યુવકોને સાધી રાખો અને આ તત્વો સમજાવો. કેટલાક મેં સમજાવ્યા હતા અને ખેઈડીમાં કાંઈક અસર થઈ હતી. એટલે બહારથી જરૂર જણાય તો સૌ સાથે રહે, પણ મુદ્દાની બાબતમાં ખરી બાબત ઉપર પ્રજાને દોરવી શકે તેવા તૈયાર કરવા જોઈએ. સરકાર ડિપ્લોમસીથી કામ લે છે. એટલે આપણે પ્રજાએ પણ આપણી આખી પ્રજાના હિતને માટે ડિપ્લોમસી રાખવી જોઈએ.

સરકારને રાષ્ટ્રહિત કરવું છે. કેમ કે તેમાં તેનું હિત છે. દેશ નેતાઓ પણ રાષ્ટ્રહિત ચાહે છે અને તે કામના માટે જ નેતાઓ છે. રાષ્ટ્રહિત થાય એટલે વાવટાના ત્રણેય રંગના હિતની બાબતમાં આગળ વધવું. જેમ જેમ ધોળા રંગનો ભાગ વધતો જાય તેમ તેમ રાષ્ટ્રહિત આગળ વધતું જાય, અને કેસરી લીલો પાછળ પડતા જાય, પછી તદ્દન નબળા પડે. માટે આપણે રાષ્ટ્રહિતની વાતોને બદલે આપણા હિતનો વિચાર કરવો જોઈએ. ખૂબી તો એ છે કે ત્રણ રંગનું હિત આપણે આજે કેસરી રંગનું હિત માની બેઠા છીએ, અને આપણું અહિત થવા દઈને ત્રણેયનું હિત કરવા નીકળ્યા છીએ. ધોળા રંગની હિતની આડે આપણે આવવું નથી, પણ ધોળા-ગોરા રંગની ઇચ્છા આપણા હિત લૂંટવાની છે. માટે આપણે ચેતવું રહે છે. ધોળો રંગ - ગોરી પ્રજાનો કેસરી અને લીલાની વચ્ચે કેવી ખૂબીથી ગોઠવાયો છે. તેને આપણે જુદી દૃષ્ટિથી ભલે જોતા હોઈએ અને ધોળા લોકોએ ઉડતા ત્રિરંગી વાવટોને જોઈને જુદી રીતે રાજી થાય છે અને તેને માટે પ્રેક્ટીકલ ગોઠવણ કરતા જાય છે અને આપણી પાસે કરાવતા જાય છે.

મારી વાતમાં ભૂલ જણાય તે મને જણાવશો.

પ્રજાની નિશાળો હતી. વૈદ્યો હતા. સુવાવડો થતી. એ ખાતાં રાજ્યે હાથમાં લીધા અને પ્રજાને સોંપે એટલે તે ચલાવવા પ્રજાએ જ પેટે પાટા બાંધીને નાણાં આપવા પડે. અને સીસ્ટમેટીકલ ખર્ચાળ ખાતાં ચલાવવા મારી સમજ પ્રમાણે એવા બનાવટી ખાતાંઓ ઊભા થયા છે. તે કાઢી નાંખવા. તે જરૂરીઆત પ્રજા પોતાની મેળે નભાવી લે. સારા વૈદ્યો ડોક્ટરો દાયણો રાખવા લોકો સ્વાશ્રયી થાય. પણ એ કાંઈ કરવાનું નથી. એ વાતો માત્ર પ્રજાને વિશ્વાસમાં લેવાને કરીને એ જ ખાતાંઓ પાશ્ચાત્ય ધોરણ અને પધ્ધતિ અનુસાર ચલાવવા માટે પ્રજાને સોંપી તેમાં વધુ વિશાળતા લાવી મોટા બનાવવાના છે. રાજ્ય તો કેટલુંક ખર્ચ આપે. એટલે જે સાધારણ ચાલે છે તે મોટા પાયા ઉપર ચાલશે. આનું નામ આજનું જવાબદાર રાજ્યતંત્ર છે.

શિક્ષણમાં શરીર વિકાસને સ્થાન મળવું જોઈએ. સ્ત્રીઓના શારીરિક વિકાસ અને કેળવણીમાં અમુક અમુક સુધારાની જરૂર છે.

ઉદ્યોગનું શિક્ષણ આપી પ્રજાની બેકારી દૂર કરવાના પ્રયાસ કરવા જોઈએ. દરેક મંડળો કાયદેસર અને જવાબદાર થવા જોઈએ. વિના કારણ હડતાળ શહેરમાં ન પડવી જોઈએ. વિગેરે જે સૌને ગમશે. પણ તેની પાછળના હેતુઓ કોઈ સમજશે નહીં

કેટલીક વિરોધી સૂચનાઓ પણ આવશે કે જે પ્રધાનો નકારીને પાછી કાઢે. એટલે જાહેરમાં પ્રધાનોની શક્તિ દેખાય, સરકારને પણ ડરાવતા દેખાય, અને પ્રજાના હિતને માટે કોઈપણની પરવાહ કરનાર નથી. એવો ભાસ થાય. અને કોઈ કોઈ ઠેકાણેથી રાજીનામાંની પણ સરકાર દરબારને ધમકીઓ મળે એવા તેઓના મગજ ઉશ્કેરાય એવી પરિસ્થિતિઓ પણ મુત્સદ્દીઓ ઊભી કરે. એ મુત્સદ્દીઓના ધોરણસર જ થાય છે.

તેમાં કાંઈ નવું નથી. તેમ તેમ પ્રજાના પ્રતિનિધિ પ્રધાનોની શક્તિ મજબૂત થતી જશે. પ્રજા વિશ્વાસમાં પડશે. પછી જ્ઞાતિ ત્રાસ નિવારણ, વિધવા વિવાહ, છૂટાછેડા, મંદિરપ્રવેશ, ધર્મોની એકતા, ધાર્મિક ટ્રસ્ટો ઉપર અંકુશ, વિગેરેની સૂચનાઓ આવશે. પછી કારખાના, વેપારની ખીલવણી, પરદેશથી નિષ્ણાતો પ્રજાની માગણીથી બોલાવવા પત્ર, મિત્ર પરિષદ, બાળઉછેર, ગૌઉચ્છેર, ડેરી, ખેતીની ખીલવણી, નાના ખેતરના મોટા ખેતર, સડકો ખોદવી, મ્યુનિસીપાલીટી તરફથી સુધરેલા કસાઈ ખાના, સહકારી મંડળીઓ મારફત હુંડિયામણ ચેંઈજ થાય, ખેતીમાં પરદેશી મૂડીની રોકાવટ, વેપારી મેમ્બરો મારફત કાચા માલના પાકા માલ બનાવવાની યોજના, કાઠિયાવાડમાં ખાંડના કારખાના, વિગેરે અનેક કામોની શરૂઆત થશે. પરદેશી મૂડી અબજોના પ્રમાણમાં આવશે. તે જ્યારે પચાસ વર્ષે પાછી ખેંચાશે ત્યારે સ્થાનિક હિંદુઓની દશા ભારે ભયંકર હશે, પણ દેશ સમૃદ્ધિથી લચી પડતો હશે.

દુનિયાના કોઈપણ વહીવટ ઉપર સહી કરવી સહેલી છે, પણ હિંદની સંસ્કૃતિના કોઈપણ તત્વ ઉપર સહી કરવી એના જેવી મુશ્કેલ અને જગત આખાની જવાબદારીવાળી બીજી કોઈપણ ચીજ નથી. આખા જગતના લાભાલાભનો આધાર હિંદની સંસ્કૃતિ ઉપર છે. તે રોળાતાં અનેક પ્રજાઓ રોળાઈ જવાની છે. તેનામાં આખા જગતને તારવાની તાકાત છે. તેના તત્ત્વો અતિસૂક્ષ્મ બુદ્ધિગમ્ય છે. જરાપણ બહાર દેખાય તેવા નથી માટે કલમ પકડવા કરતાં ન પકડવી સારી

આપણા પ્રાચીન કાર્યવાહકોનો સિદ્ધાંત છે કે જે કામમાં સફળતા અને સારું ફળ મળતું હોય, કે નઠારામાંથી બચાવ થતો હોય ત્યાં જ ધ્યાન આપવું, બાકીની ઉપેક્ષા કરવી.

કાચું કાપવું નહીં. તટસ્થ રહેવું. અવસરે જ પાછું કામ હાથ લેવું. બુદ્ધિપૂર્વક જગતને ફેરવવું. કેમ કે કાચું કપાયા પછી કાંડા કપાયા પછી ઉપાય રહેતો નથી. તમે વાણીયા છો. રાજકોટના મહાજનના આગેવાનોમાંના એક છો. એટલે કદાચ તમારા હાથમાં એ જવાબદારી આપીને તેના લાભ નુકસાનથી બીજા છટકીને જવાબદારી તમારે માથે ઓઢાડે છે. આપણને તે લેવામાં વાંધો નહીં. આપણું કામ છે, પણ એ કલમથી શું પરિણામ નિપજાવવાનું છે? તે વિચારજો. સામાન્ય કામ નથી.

**જવાબદાર રાજ્યતંત્રનું તંત્ર** ગોઠવાયા પછી એજન્સી તરફથી સંધિની રૂઈએ, રાજ્ય મારફત દિવાન મારફત મેમા - સૂચનાઓ આવશે. તે એવી આવશે કે જેમાં પ્ર. પ્રતિનિધિના પ્રમુખ અને સભાસદો એકદમ સમ્મત થશે. જેમ કે કલ્પિત દૃષ્ટાંત. ખેડૂતો ઓછા દેવાદાર થાય, તેને માટે રાજ્યમાં શી વ્યવસ્થા કરવા ધારો છો?

ઉતરતી કોમોની હાલત સુધારવી જોઈએ. ''આપણા હાથમાં તંત્ર આવતાં આપણે મન ભાવતું કરી શકાય?'' હું પણ કહું છું કે આપણને મનભાવે તેવું રજૂ કરીને આપણી પાસે તે લોકો હવે સરળતાથી મનભાવતું કરાવી શકશે. તમને મારી વાત કદાચ સાચી ન લાગે, પણ મારા પત્ર ઉપર ઉપરથી વાંચો છો, તેના બદલે મનનથી વાંચશો તો કોઈક વખત સમજાશે.

હું મુદ્દા આપું. પણ ભાષાને સંસ્કાર કોઈ કરી આપે તો જ લોકભોગ્ય થશે. મારી વાત અને ભાષા મુંઝવશે. અવકાશે મોકલીશ. 'આપણી પ્રજા પ્રતિનિધિ સભાનો ઈતિહાસ અને સ્વરૂપ એવું હેડીંગ રાખું? 'મહાજનનું સ્વરૂપ' એમ લખીએ તો?

ભૂલાભાઈ આગળ રૈયતનો અર્થ ઠસાવવાની જરૂર છે. કેસરી અને લીલા વાવટાની વચમાં ધોળો રંગ પેઠો છે. એ ડીવાઈડ એન્ડ રુલનો દીવા જેવો દાખલો છે. પરદેશી લોકો અહીંના વતની થવાથી પરદેશી મૂડીની મદદ ન હોય ત્યારે હિંદુ મુસલમાનોમાં બેકારી આજથી વધુ ફેલાશે અને ત્રણ વર્ષ ઉપરાંત હિંદ બહાર રહેલો કે પોતાની ગામથી બહાર રહેલા હિંદુનો વતન હક્ક અહીંથી જાય.

આમ થાય તો આપણું હિંદનું લાખો વર્ષનું સંગઠન છે તે કરતાં પણ તૂટી પડે. માટે આજે છે, તે ટકી રહે, અને બીજી પ્રજાઓ સાથે સંધિથી એક બીજાના હિતને વાંધો ન આવે તેમ જોડાય તો જ ઠીક રહે. નહીંતર રૈયતની બ્રિટિશ સબજેક્ટ વ્યાખ્યામાંથી આ દોષ ઉત્પન્ન થશે.

ચૂંટણીથી નગરશેઠ અને પ્રજાના પ્રતિનિધિઓ કામના છે તે રદ થવાનો પ્રસંગ આવશે, અને આખા હિંદમાં આમ બનતાં મોટી ક્રાંતિ થઈ જશે. કોઈને ખબર પડશે નહીં ને હક્ક ઉડી જશે એ મોટું નુકસાન. આ ઠસાવવું જોઈએ.

**- સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ**


**વર્તમાન વિશ્વમાં આકાર લેતી અનેક પ્રકારની આર્થિક, સામાજિક કે રાજકીય સમસ્યાઓ, તેના કારણો, તેના ઉકેલ આદિ અનેક પાસાંઓ પર અલગ-અલગ દૃષ્ટિકોણ ધરાવનાર ચિંતકો, વિચારકો અને લેખકોના વિવિધ લેખોનું સંપાદન કરીને વાચકો સુધી વિચારોના બીજ વાવવાનું કાર્ય વિનિયોગ સમાચાર કરી રહ્યું છે. લેખો અને લેખકોની પસંદગી અંગે પૂરતી કાળજી લેવાય છે છતા પણ લેખોની વિશ્વસનીયતા અને માહિતી અંગે સંસ્થા, સંપાદક અને પ્રકાશક કોઈ પણ પ્રકારે જવાબદાર રહેશે નહીં. જે તે લેખોના મંતવ્ય, બૌદ્ધિક મિલકત કે અધિકાર તે તે લેખકોના જ રહેશે.**

# પશુપાલન : કિસાન સ્વરાજનું અવિભાજ્ય અંગ

ભારતીય ખેતીનું અભિન્ન અને અનિવાર્ય અંગ છે, પશુપાલન. તેમાં ય ખાસ કરીને નાના-સીમાંત ખેડૂતો, જમીનવિહોણા લોકો ગામડાંમાં બે-ચાર ગાય-ભેંશ રાખીને, ઘેટાં-બકરાં ચરાવીને મોટા પાયે રોજગાર મેળવે છે. આ બાબત માત્ર સિંચાઈવાળી ખેતીમાં જ નહીં, વરસાદ આધારિત ખેતી માટે પણ એટલી જ સાચી છે. ખેતીના નિવસનતંત્ર (ફાર્મ ઇકોલોજી)ના સંદર્ભે પશુપાલનનું આગવું મહત્ત્વ છે. કચ્છના બન્ની વિસ્તારમાં સિંધથી આવીને વસેલા હલાયપોત્રા માલધારીઓ પરંપરાગત રીતે સૌરાષ્ટ્રની ખેતીને બળદો પૂરા પાડતા રહ્યા. ગીર જંગલના માલધારીઓ જંગલના પર્યાવરણમાં આગવું સ્થાન ધરાવે છે. આર્થિક દૃષ્ટિએ મહત્ત્વનાં તેવાં દૂધના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે. દુધાળાં જાનવરોની સંખ્યામાં પણ ભારત મોખરે છે.

આજે જ્યારે બજારમાં વેચવાલાયક પેદાશોનું વધુ ઉત્પાદન મેળવી લેવા ખીલે બાંધેલાં, માત્ર ગમાણમાંથી ખાનારાં પશુઓને વિશેષ મહત્ત્વ અપાઈ રહ્યું છે ત્યારે ગોચરો-ચરિયાણો અને બિન-ખાનગી જમીન પર થતું પશુપાલન વિસારે પડી રહ્યું છે. આવું પશુપાલન પાકોની ખેતી સાથે અભિન્ન રીતે સંકળાયેલું છે, જાહેર પર્યાવરણીય સ્રોતો પર ટકેલું છે, તે ઓછો ખર્ચ માગે છે, તેનાં ધણ મોટાં હોય છે, અનેકવિધ જાતો સાચવે છે, દૂધ જેવી માત્ર એક જ પેદાશ નહીં પણ બે-ત્રણ પેદાશો સમાંતર રીતે પેદા કરે છે અને સામાન્ય રીતે સમાજના નબળા વર્ગને વ્યાપક રીતે રોજગાર પૂરો પાડે છે. આજના ઔદ્યોગિક વિકાસની તરાહમાં તેમના માટે કોઈ વિશેષ નીતિ વિષયક અને યોજનાકીય ધ્યાન અપાતું નથી.

પશુપાલન સંદર્ભે આજે જે નીતિ ઘડાઈ રહી છે તે વિશેષ કરીને દૂધ કે ઊન જેવી એક પેદાશની ઉત્પાદકતા વધારી દેવા તરફ કેન્દ્રિત છે. તે સ્થાનિક રીતે અનુકૂલન પામેલી ઓલાદો તરફ દુર્લક્ષ ધરાવે છે. તેને સંકલિત પાક-ખેતી સાથે જોડવામાં આવતી નથી, ગોચરો પર વધતા દબાણને નજરઅંદાજ કરવામાં આવે છે. પશુઓ માટેની આરોગ્યસેવાની સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે તેનો કોઈ ભરોસો નથી અને સેવાના અભાવે પશુઓનું મૃત્યુ થાય છે, પશુઓ રિબાય છે. સરકારના બે વિભાગો-પશુપાલન અને ખેતી વચ્ચે પૂરતી સંવાદિતા નથી.

આ પરિસ્થિતિમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ અને સમુદાય આધારિત સંગઠનોએ અભિક્રમ લઈને પશુઓના સ્વાસ્થ્યની કાળજી માટે પશુ સખી, પ્રાણી બંધુના નામે સ્વાસ્થ્ય કાર્યકરોની ફોજ ઊભી કરીને વૈકલ્પિક સફળ વ્યવસ્થા ઊભી કરી બતાવી છે અને આંધ્રપ્રદેશ, ઓડિશા, ઝારખંડ અને પશ્ચિમ બંગાળની સરકારોએ તેને સ્વીકારીને અમલમાં મૂકી છે. આંધ્રપ્રદેશના અનંતપુરમાં મનરેગા યોજના હેઠળ ચરિયાણોનું પુનઃસર્જન - સંવર્ધન કરાઈ રહ્યું છે. કચ્છની બન્ની ભેંશોને હવે અલગ ઓલાદ તરીકે સ્થાન મળ્યું છે અને ત્યાંના માલધારીઓનું સંગઠન બન્યું છે. મધ્યપ્રદેશ, ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં રાજ્યના પશુપાલન ખાતા, પ્રજાકીય સંસ્થાએ અને સ્થાનિક સામુદાયિક સંગઠનોએ સાથે મળી ઘેટાં-બકરાં જેવા નાનાં પશુઓ માટે રહેઠાણ, સ્વાસ્થ્ય અને ગોચરોના સુધારા થકી નાના-સીમાંત ખેડૂતોને લાભ થાય તે માટેનું બીડું ઝડપ્યું છે. આંધ્રપ્રદેશ, ઓડિશા અને મધ્યપ્રદેશમાં મરઘાં-બતકાંના દેશી રીતના પાલન થકી આદિવાસીઓના રોજગાર અને પોષણની સુરક્ષા અંગે યોજના ઘડાઈ છે.

અલબત્ત, સંશોધન ક્ષેત્રે જેની પાછળનો હેતુ ઉત્પાદનવૃદ્ધિ માત્ર છે, તેવી વિદેશી જાત સાથે સંકરણ, એમ્બ્રિયો ટેક્નોલોજી જેવી હાઈટેકને પ્રાધાન્ય અપાય છે અને માલધારીઓનાં પશુઓ, તેમના ગુણો, જમીનની ફળદ્રુપતા સાથેનો સંબંધ, પાક પસંદગીમાં તેમની જરૂરિયાતો જેવા મુદ્દા સંશોધનના હાલના માળખામાં ઓરમાયું સ્થાન ધરાવે છે. આ ક્ષેત્રે સામાજિક- સાંસ્કૃતિક વિષયોના સંશોધનની પણ જરૂર છે.

**નીતિ વિષયક જરૂરી પગલાં**

૧. વધુ ઉત્પાદન : પ્રાણીઓની ઓલાદો અને સંકરિત જાનવરોનો વ્યાપક ફેલાવો કરી દેવાને બદલે સ્થાનિક જળવાયુમાં ગોઠવાયેલ દેશી જાતો-ઓલાદોનું સંવર્ધન કરવું.

૨. પશુઓ ખરીદવા/ આપવા વિશેની માનસિકતામાંથી બહાર નીકળી પશુપાલન માટે વિકેન્દ્રિત સર્વાંગી સહાય ઊભી કરવી, જેથી પશુઓનો મૃત્યુદર ઘટે.

૩. ગોચરો ઉપર પ્રજાનાં અધિકારો અને ફરજોને પુનઃસ્થાપિત કરવાં.

૪. નેશનલ લાઈવસ્ટોક મિશનને સ્થાનિક દેશી પશુપાલનની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી નવેસરથી ડિઝાઈન કરવું.

૫. માલધારીઓમાં વૈજ્ઞાનિક - કાર્યક્ષમ અભિગમ ઊભો કરવા સંગઠનાત્મક પ્રયત્નો કરવા.

૬. પશુઓ દ્વારા મળતાં ખાતર, ઊર્જા જેવા ફાયદાને ધ્યાનમાં રાખી સર્વાંગી સજીવ ખેતી સંદર્ભે પશુપાલનને પ્રોત્સાહન આપવું.

**- સવ્યસાચી દાસ**

**(સાભાર : ભૂમિપુત્ર, તા.૧-૦૩-૨૦૧૯)**

# કચરો : ખતરનાક ખતરો

કચરો (સંસ્કૃત : કચ્ચર, દેશ્ય : કચ્છરો) એટલે નકામી અને ફેંકી દેવા જેવી વસ્તુ. જગતના કોઈ પણ જણને કચરા વિષયક સમજ અને ઓળખ આપવી ન પડે. જેમ પૈસો પૈસાને તેમ કચરો કચરાને ઢગલો થવા ખેંચે. સામાન્ય રીતે બાગ-બગીચાને જાતમહેનતથી વિકસાવવા પડે, પણ કચરા-ઉકરડા તો આપમેળે વધે અને વિસ્તરે. ઘરમાંથી શેરીમાં અને શેરીમાંથી ચહુદિશ વેરાતા જતા અને છેવટે ગામ-ભાગોળે બાકી વધતા અને ખડકાતા સૂકા-ભીના કચરાની વૈજ્ઞાનિક ધોરણે નિકાલ બાબતે, માનવીની મથામણ વર્ષોથી ચાલુ જ છે, પરંતુ ઘા ઉપર એવું ઘોયું લાગ્યું છે કે તેમાં વીસમી સદીનો ખતરનાક ખતરો એટલે કે પ્લાસ્ટિક્સ અને ઇ-કચરો ઉમેરાયો છે. આ કચરાનો નિકાલ કરવો એટલે કે નેવાનાં પાણી મોભે ચડાવવા બરાબર છે.

માનવજીવનનાં દરેક ક્ષેત્રે વ્યાપી ગયેલું પ્લાસ્ટિક્સ-પ્રદૂષણ, દિન-બ-દિન ગંભીર સ્વરૂપ પકડતું જાય છે. સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ ઓફ ઇન્ડિયાના એક સર્વે મુજબ, વિશ્વમાં વેચાતાં વાર્ષિક ૩૦ કરોડ ટન પ્લાસ્ટિક્સ ઉપકરણો પૈકી, ભારત ૦૧ કરોડ ૨૦ લાખ ટન પ્લાસ્ટિક્સ ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. અંદાજિત ગણતરી તપાસીએ તો, ૭૨ ટકા પ્લાસ્ટિક્સ ચીજવસ્તુઓ અને ૯૫ ટકા પેકેજિંગ પ્લાસ્ટિક્સ, એક વાર વાપરીને કચરામાં પધરાવી દેવામાં આવે છે. ભારતનાં પ્રથમ ૧૦ મહાનગરો એવાં છે, જે દૈનિક સરેરાશ ૪૦૦ ટન પ્લાસ્ટિક્સ કચરો પોતાના શહેરમાં ઠાલવે છે. આવા પ્લાસ્ટિક્સ કચરાના ૬૦ ટકા જ રિસાઈક્લિંગ એટલે કે તેને ગાળીને ફરી વખત પ્લાસ્ટિક્સ વસ્તુઓ ઉત્પાદિત કરવામાં જાય છે. બાકીનો ૪૦ ટકા કચરો શહેરો કે ગામડાંમાં વેરવિખેર રઝળતો જોવા મળે છે, જે માનવ અને પશુ-પંખીઓના જીવને જોખમમાં મૂકે છે. ભારતના પર્યાવરણ પ્રધાનશ્રીના એક વિધાન મુજબ, 'ભારતમાં મૃત્યુ પામતી દરેક ગાયના પેટમાંથી સરેરાશ ૩૦ કિલો પ્લાસ્ટિક્સ નીકળે છે.'

વૈશ્વિક જળક્ષેત્રે જોઈએ તો વિશ્વના પાંચ મહાસાગરો-પેસિફિક, એટલાન્ટિક, આર્કટિક, એન્ટાર્કટિક અને અરબમાં વાર્ષિક ૮૦ લાખ ટન પ્લાસ્ટિક્સ કચરો ઠલવાઈ રહ્યો છે. તેમાં ૫,૨૫૦ અબજ પ્લાસ્ટિક્સના ટુકડાઓ અને તેનો ૧૦ કરોડ ટન વજન ધરાવતો પ્લાસ્ટિક્સ ઉકરડો તરી રહ્યો છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમના મત મુજબ, જો આવી જ સ્થિતિ ચાલુ રહેશે, તો ૨૦૨૫ની સાલમાં મહાસાગરોની દર ત્રણ ટન માછલીદીઠ ૦૧ ટન પ્લાસ્ટિક્સનો ભાર તેના પર તરતો રહેશે. દુઃખની વાત એ છે કે વિશ્વના મહાસાગરોને પ્લાસ્ટિક્સ મુક્ત કરવા માટેનું બજેટ કોઈ દેશ પાસે નથી. પરિણામે એક અંદાજ મુજબ, દર વર્ષે ૦૧ લાખ સી-બ્રર્ડ અને ૫૦ હજાર આલ્બટ્રોસ પંખીઓ તરફડીને પીડાદાયયક મોતે મરી રહ્યાં છે.

સામાન્ય રીતે પ્લાસ્ટિક્સ વસ્તુઓના ઉત્પાદનમાં બિસ્ફિનોલ - એ (બીપીએ), ફથાલેટ્સ, પોલિવિનાઈલ ક્લોરાઈડ, ડાયોક્સિન, પોલિસ્ટાઈરીન, સીસું અને કેડમિયમ જેવા ઝેરી અને ખતરનાક પદાર્થો વપરાય છે, જે માનવ-શરીરમાં પ્રવેશતાં અસ્થમા, બિનફળદ્રુપતા, હૃદયરોગ, બ્રેસ્ટ કેન્સર, ડાયાબિટીસ, મનોવસાદ, કિડની અને પૌરુષગ્રંથિના રોગોને નોતરે છે. પ્લાસ્ટિક્સના આ રાવણદૈત્યને નાથવા દેશ અને દુનિયા પાસે ફક્ત એક જ રામબાણ ઇલાજ છે અને તે છે : ''ઓછું વાપરો (Reduce), પાછું વાપરો (Reuse) અને વાપરીને વાપરો' (Recycled). આ પ્રકારની ટેવ કેળવવાથી અવિનાશી પ્લાસ્ટિક્સના પ્રખર પ્રદૂષણને સંપૂર્ણપણે તો નહીં પણ મહદંશે નાથી શકાશે.

આધુનિક ઇલેક્ટ્રોનિક ઉપકરણોએ માનવજાતને જેટલી સવલતો આપી છે, તેટલી જ તેના કચરા નિકાલની ઉપાધિ તેના માથે ઝીંકી છે. પ્લાસ્ટિક, મેડિકલ, આણ્વિક, કિરણોત્સર્ગી, ઔદ્યોગિક અને શહેરી કચરાના નિકાલમાં મૂંઝાતા માનવ-સમાજના લમણે એક વધારાનો એવો 'ઇ-કચરો' લખાયો છે, જેનો નિકાલ રિસાઈક્લિંગથી સક્ય જ નથી. અહીં ઇ-કચરો એટલે તદ્દન નકામા થઈ ગયેલાં દૂરધ્વનિ, ટેલિવિઝન, એર કન્ડિશનર, માઇક્રોવેવ, ઓવન, વોશિંગ મશીન, કમ્પ્યુટર, મોબાઈલ ફોન વગેરે ઉપકરણોનો કચરો. અમેરિકાની એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન એજન્સીના ૨૦૧૪ના એક રિપોર્ટ મુજબ વિશ્વમાં ૪.૧૮ કરોડ મેટ્રિક ટન જેટલો ઇ-કચરાનો ઢગ ખડકાયો છે, જેણે માનવ - આરોગ્ય પર બહુ મોટું જોખમ ઊભું કર્યું છે. પ્રસ્તુત ઉપકરણોમાં વપરાયેલ સીસું, કેડમિયમ, બેરિયમ, કોબાલ્ટ, ઓક્સાઈડ, પારો, જસત અને પોલિવિનીલ જેવાં ઝેરી અને જોખમી ધાતુ અને રસાયણો, જમીન પર વિસ્તરી અને ભૂગર્ભમાં ઊતરી, પાક-ઉત્પાદન અને પેય જળને વિષયુક્ત બનાવે છે. પરિણામે માનવજાત કેન્સર, અસ્થમા, બ્રેઇન ટ્યુમર, હૃદયરોગ અને કિડનીખામી જેવા જીવલેણ રોગનો ભોગ બને છે.

ભારત દેશમાં ઇ-કચરો વાર્ષિક ૧૦ ટકાના દરે બે રીતે વૃદ્ધિ પામી રહ્યો છે. એક આપણો વાર્ષિક ૨૦.૭૦ લાખ ટન અને બીજો વિદેશોમાંથી આયાત કરેલા ઉપરોક્ત પ્રકારનાં જૂનાં ઉપકરણોનો ૫૦,૦૦૦ ટન ઇ-કચરો. આવા ઇ-કચરાના પીવીસી કેબલને બાળી તેમાંથી તાંબું અને કમ્પ્યુટરને નાઇટ્રેટ એસિડથી બાળી, તેમાં રહેલું અતિઅલ્પ માત્રાનું સોનું અને પ્લેટિનમ સંપાદિત કરવાનો ધમધોકાર ધંધો ભારતમાં ચાલે

*(અનુસંધાન પાના નં.૭ પર)*

# દૂધ

**❑ સાત ટકામાંથી ચાર ટકાનું ધોરણ કેમ થયું ?**

તેમના નસીબે પાઉડર મલાઈ કાઢી લીધેલા દૂધનો આવ્યો. તેમાં સાત ટકા માખણ હોય નહિ. એટલે પરદેશથી 'બટર ઑઈલ' નામની કોઈ ગંધાતી ચીજ મગાવી. તે દૂધમાં નાખી આપવાનું શરૂ કર્યું. પ્રજા બિચારી લાચાર બનીને તે ગંધાતા દૂધનો સ્વીકાર કરવાની દશામાં આવી પડી. પણ લાગે છે એવું કે કાં તો પરદેશથી બટર ઑઈલનો પુરવઠો ઓછો મળતો હોય અથવા તો તેનો ભાવ વધારે આપવો પડતો હોય, એ તો જે હોય તે, પણ કોઈ અકળ કારણોએ સાત ટકા ચરબીને બદલે ચાર ટકા ચરબીવાળું દૂધ પ્રમાણિત બની ગયું.

**❑ વર્તમાનમાં આપણા દૂધમાં માખણનું પ્રમાણ ઘટ્યું**

હવે આજે પરિસ્થિતિ એવી બની છે કે પશુઓને તેમનો યોગ્ય ખોરાક તેમ જ ચારો અને ખાસ કરીને કપાસિયા મળતા નથી એટલે તેમના દૂધમાં માખણનું પ્રમાણ ગણનાપાત્ર રીતે ઘટી ગયું છે. સાધારણ રીતે આપણા દેશની ગાયોનાં દૂધમાં સાડા સાતથી દશ ટકા માખણનું પ્રમાણ રહેતું, જ્યારે ભેંસના દૂધમાં દશથી વીસ ટકા માખણનું પ્રમાણ રહેતું. જુદા જુદા પ્રદેશની જુદી જુદી ગાયો અને ભેંસોનાં દૂધમાં તેમને અપાતા ખોરાક પ્રમાણે માખણનું પ્રમાણ રહેતું. સહુથી વધારે માખણ ગીરની ભેંસોનાં દૂધમાં અને ગાયોમાં બારાડી પ્રદેશની ગાયોમાં હતું. આજે તો એ બધી સ્વપ્નાની વાતો બની ગઈ, પણ એક માન્યતા એવી છે હવે આપણાં પશુઓના દૂધમાં સરેરાશ અઢી ટકા માખણ ઊતરે છે.

**❑ ભેળસેળ કરનારા સલામત**

આ સંજોગોમાં એક પશુપાલક પોતાની ગાય કે ભેંસ આપણી નજર સામે દોહીને ચોખ્ખું તાજું દૂધ આપે અને ભેળસેળનો ગુનાશોધક કર્મચારી તે વખતે તેને પકડે અને દૂધ ચાર ટકા ચરબીવાળું સાબિત ન થાય તો તેને બિચારાને દંડ અને જેલ એમ બન્ને સજા થાય.

પણ જો એ પશુપાલક દૂધમાં દૂધ જેટલું જ પાણી નાખે અને તેમાં છથી સાત ટકા ડુક્કરની, ગાયની કે કોઈ પણ પ્રાણીની ચરબી નાખી એની પ્રોસેસ કરીને વેચે તો તેને કોઈ સજા ન થાય.

આમ, આ પ્રમાણિતપણાના ખોટા માપદંડથી ભેળસેળ કરવાનું વધુ શક્ય બન્યું છે. ભેળસેળ કરનારો સલામત છે. ભેળસેળ ન કરનારા પ્રામાણિક વેપારીને જેલમાં ધકેલી દઈ શકાય છે. આવી કૃત્રિમ અને કરુણ દશા છે ખેતીપ્રધાન દેશની પ્રજાની અને ખેતીપ્રધાન દેશના પશુપાલકોની.

**❑ ખેતીપ્રધાન દેશની આ કેવી શરમજનક સ્થિતિ ?**

વિશ્વમાં કદાચ ભારત જ એવો ખેતીપ્રધાન દેશ છે જે પોતાની જરૂરિયાતનાં અનાજ, દૂધ, ઘી, તેલ, બળતણ વગેરે ઉદ્યોગપ્રધાન દેશો પાસેથી ખરીદે છે. એ એક જ એવો ખેતીપ્રધાન દેશ છે, જેની સરકારને પોતાના લાખ લાખ વરસનો પેઢી દર પેઢી અનુભવ ધરાવતા ખેડૂતોનો અને પશુપાલકોનો વિશ્વાસ નથી, પણ હિત ધરાવતા પરદેશીઓ અને પરદેશીઓના ભારતીય મિત્રોમાં વિશ્વાસ છે.

અને વિશ્વમાં સહુથી મોટો કરજદાર દેશ પણ ભારત દેશ જ છે. તેના મોટા ભાગનું કરજ અનાજ, દૂધનો પાઉડર, બટર ઑઈલ, તેલ, ફર્ટિલાઇઝર અને કેરોસીનની આયાત કરવાથી થયું છે.

**❑ સરકાર શકુનિઓની જાળમાંથી મુક્ત થશે ?**

આપણે દૂધને વેપારની ચીજ બનાવીને કેવી કરુણ દશામાં આવી પડ્યા છીએ ? આપણે વધુ ને વધુ ગૌરવભંગ થઈએ છીએ, કરજના ડુંગર તળે દબાતા જઈએ છીએ, પરદેશીઓની લાચારી ભોગવીએ છીએ, પણ તોય ખોટે રસ્તેથી પાછા વળવામાં આપણને નાનમ લાગે છે.

દેશને ગૌરવભંગ થતો અટકાવવો હોય તો સંપૂર્ણ પશુવધબંધી અને પશુઓના ખોરાકની સંપૂર્ણ નિકાસબંધી કરે જ છૂટકો છે.

પણ સરકાર શકુનિઓની જાળમાંથી મુક્ત થાય ત્યારે જ તેને સાચો રસ્તો સૂઝે ને ?

❋

**❋ ક્ષયના રોગીઓની આઘાતજનક સંખ્યા ભારતમાં કેમ છે ?**

**❋ ચારે બાજુ ફેલાયેલાં ઝેરએ પ્રજાની રોગપ્રતિકારક શક્તિ લગભગ નાબૂદ કરી છે.**

**❋ સ્ટ્રેપ્ટોમાઈસીનનાં ઈંજેક્શનોને બદલે ઠેરઠેર દૂધનાં સદાવ્રતો ખોલાય તો ?**

**❑ ક્ષય અથવા ટીબી સિક્યુલર અને સમાજવાદી રોગ**

આયુર્વેદમાં ટીબીને રાજરોગ કહે છે, કારણકે આયુર્વેદનો જન્મ થયો ત્યારે એ રોગ મોટા ભાગે રાજવીઓ કે અતિશ્રીમંતોને તેમના અતિશય ભોગ-વિલાસને કારણે થતો હતો.

આજના આ ધમાલિયા યુગમાં અને શોષક અર્થવ્યવસ્થાના સાણસામાં સપડાયેલી પ્રજામાં ટીબી થવાનાં કારણો નીચે મુજબ છે :

(૧) અતિશય વિષયભોગ, ગંદું સાહિત્ય અને કામુક ચલચિત્રો. (૨) યોગ્ય આહારવિહારના અભાવથી, શુદ્ધ દૂધ-ઘી અદૃશ્ય થવાથી - અપોષણનો ફેલાવો. (૩) ઝૂંપડપટ્ટીઓ, કારખાનાંના મજૂરો માટેની અતિશય ગંદી સાંકડી ચાલીઓ. (૪) શહેરોની અતિશય ગીચ વસતિ અને પરિવારના પ્રમાણમાં ખૂબ નાનાં રહેઠાણો. (૫) ધુમાડા કાઢતાં મોટાં કારખાનાં અને શહેરોમાં ફરતાં યાંત્રિક વાહનો. (૬) મોટાં શહેરોમાં, મકાનોમાં સૂર્યના પ્રકાશનો અભાવ. (૭) નાનાં મકાનોમાં રહેતાં કુટુંબના માણસો કે રેલવે કે બસમાં મુસાફરી કરતા ટીબીના દરદીઓના સંપર્કમાં આવતા બીજા ઉતારુઓને તેમનો ચેપ લાગે છે. ટીબીના દરદીનાં હોટેલોમાં ચા-પાણી પીધા પછી કે જમ્યા પછીનાં વાસણો સંપૂર્ણ રીતે જંતુમુક્ત થાય તેવી રીતે સાફ કર્યા વિના બીજા તંદુરસ્ત માણસોને તેમાં ખાવા-પીવાનું પીરસીને અપાય ત્યારે તેમને ટીબીનો ચેપ લાગે છે અને દરદ સમાજમાં ફેલાય છે.

હવે ટીબી શ્રીમંત અને ગરીબ વચ્ચે ભેદભાવ રાખતો નથી. ધર્મ, જાતિ કે કોમ વચ્ચે પણ ભેદભાવ રાખતો નથી. શ્રીમંતો કરતાં ગરીબો તરફ તેનો પક્ષપાત વધારે છે. એટલે તે સિક્યુલર છે અને સમાજવાદી પણ છે. આધુનિક વિજ્ઞાને અને શોષક અર્થવ્યવસ્થાએ જે નવા રોગોને

જન્મ આપ્યો છે તે તમામ રોગો પણ સિક્યુલર છે અને સમાજવાદી પણ છે.

**❑ પૂર્વના કાળમાં ક્ષય ન થવાનાં કારણો**

આયુર્વેદનો ઉદય થયો ત્યારે ભોગવિલાસ સિવાયનાં ટીબી થવાનાં કોઈ કારણો અસ્તિત્વમાં ન હતાં. લોકોને પોષણ પૂરતું મળતું, કારણકે ઘી-દૂધ જોઈએ તેટલાં સહેલાઈથી મળી શકતાં. મકાનો સ્વચ્છ અને સગવડવાળાં હતાં. કારખાનાંનો ધુમાડો ન હતો. આજના જેવી ગંદી ઝૂંપડપટ્ટીઓ ન હતી. હોટેલો ન હતી. ચેપ ફેલાવાનો અવકાશ ન હતો.

**ગીચ જંગલો :** ખાસ કરીને લીંબડો, પીપળો, નગોડ, વડ - જેવાં અબજો વૃક્ષો વાતાવરણને શુદ્ધ રાખતાં. દેશમાં દર વરસે થતા નાનામોટા યજ્ઞોમાં હોમાયેલાં દ્રવ્યોનો, ખાસ કરીને ગાયનાં ઘી, ગુગળ વગેરેનો ધુમાડો ચારે દિશામાં ફેલાઈને વાતાવરણને શુદ્ધ, સુગંધી અને પવિત્ર રાખતો. એ શુદ્ધ વાતાવરણમાંથી પસાર થઈને નીચે આવતું વરસાદનું પાણી પણ શુદ્ધ અને આરોગ્યમય રહેતું.

**❑ હાલના સમયે ક્ષય થવાનાં કારણો**

જ્યારે આજે તો અણુરજ અને બીજા રાસાયણિક પદાર્થોના ઝેરથી દૂષિત થયેલાં સમુદ્ર, નદી કે તળાવનાં પાણીનાં વાદળાં બંધાય છે અને અણુરજ અને કેમિકલ તેમ જ કારખાનાંએ ફેંકેલા ઝેરી કચરાથી અને આકાશમાં રોજ વિમાનો દ્વારા લાખો ટન પેટ્રોલ બાળીને ફેંકાતા ઝેરી ધુમાડાથી દૂષિત થયેલાં વાતાવરણમાંથી પસાર થઈને ફર્ટિલાઇઝરો, જંતુનાશક દવાઓ, ખનીજ તેલો અને રસાયણોનાં ઝેરથી દૂષિત થયેલી જમીન ઉપર પડતું વરસાદનું પાણી વધુ દૂષિત અને રોગોત્પાદક બને છે.

ફર્ટિલાઇઝરો વડે ઉગાડાયેલું અને જંતુનાશક દવાઓથી છંટાયેલું અનાજ સત્ત્વહીન અને દૂષિત બનેલું હોય છે. એટલે અનાજ, પાણી અને હવાનું પ્રદૂષણ, પોષણનો સંપૂર્ણ અભાવ, માનવશરીરોમાં અને પશુશરીરોમાં રોગોનો પ્રતિકાર કરવાની શક્તિનો અભાવ અને જીવન જીવવાની આધુનિક પદ્ધતિમાં ચેપ ફેલાઈ જવાના નિવારી ન શકાય તેવા સંજોગો - આ બધું ભેગું થયા પછી ટીબી એ સિક્યુલર અને સમાજવાદી ન બને તો બીજું શું થાય?!

**❑ પ્રજાનું નહીં, રોગોનું આયુષ્ય વધ્યું છે**

એક તરફથી પ્રજામાં ટીબી, કેન્સર, હૃદયરોગ, કિડનીનાં દરદો, કમળો, અલ્સર જેવા રોગો ચોમાસાનાં અળસિયાંની પેઠે ફૂટી નીકળ્યા છે. લોકોમાં દરદોનો પ્રતિકાર કરવાની શક્તિ નથી. યોગ્ય સારવાર લેવાની સુવિધા નથી, છતાં આપણા રાજકર્તાઓ અને આપણી વિદ્વાન ગણાતી વ્યક્તિઓ એવો દાવો કરવામાં ખચકાટ અનુભવતાં નથી કે અમારા પ્રતાપે પ્રજાનું આયુષ્ય મોટું થઈ ગયું છે, લંબાઈ ગયું છે. માઉન્ટબેટનના રાજ્યમાં લોકોનું સરેરાશ આયુષ્ય ૨૩ વરસનું હતું. ત્રીસ વરસના કોંગ્રેસના રાજમાં એવું શું થઈ ગયું કે ત્રીસ વરસમાં લોકોની વયમર્યાદામાં ૩૩ વરસનો વધારો થઈને તે ૫૬ વરસની બની ગઈ? બેકારી, ભૂખમરો, માનસિક તાણ અને અસાધ્ય રોગોનો પ્રજા ઉપર વરસતો વરસાદ શું આયુષ્યને આશીર્વાદ સમો નીવડ્યો કે એકદમ આયુષ્ય વધી ગયું? શું માનસિક તાણ અને ભૂખમરાએ અને અસાધ્ય રોગોના ફેલાવાએ આયુષ્ય મર્યાદા વધારવામાં મદદ કરી?

ખરી રીતે પ્રજાનું આયુષ્ય નથી વધ્યું. પ્રજાની યાતનાઓનું અને નિતનવા ઉત્પન્ન થતા રોગોનું આયુષ્ય વધ્યું છે. મરકી, કૉલેરા જેવાં દરદો ૨૪થી ૪૮ કલાકમાં જ લોકોને મારી નાખતા. હવે ટીબી, કેન્સર, કિડનીના રોગો ૨૪ થી ૪૮ મહિના સુધી દરદીને રિબાવ્યા પછી મારે છે. **(ક્રમશઃ)**

**- સ્વ. વેણીશંકર મુરારજી વાસુ**

## કચરો : ખતરનાક ખતરો (પાના નં.પાંચથી ચાલુ)

છે. પરિણામે પ્રસ્તુત ધંધામાં રોકાયેલા આશરે પાંચ લાખ શ્રમિકોના આરોગ્ય પર શ્વાસ અને ફેફસાંના રોગોનું જીવલેણ જોખમ ઊભું થયું છે. આવો જોખમી ઇ-કચરો એક દેશમાંથી બીજા દેશમાં ધકેલવા પર નિયમન મૂકતી ભારત સહિત ૭૭ દેશોની સહી સાથેની આંતરરાષ્ટ્રીય સમજૂતી બેઝલ કન્વેન્શન ૧૯૮૯ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ પ્રસ્તુત સમજૂતી સાથે અસંમત એવા અમેરિકા, ચીન, જપાન, તાઈવાન અને યુરોપના દેશો પોતાના ઘરઆંગણાનો ઇ-કચરો, નિકાસ દ્વારા ભારતમાં ઠાલવે છે. ભારતમાં ઇ-કચરાની આયાત પર પ્રતિબંધ છે અને તેના સંચાલન અને વ્યવસ્થા સંબંધિત ઇ-વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલિંગ) રુલ્સ-૨૦૧૧ છે, પરંતુ સરકારી અમલના મામલે આ કાયદાનો કચરો થઈ ગયેલ છે.

અને છેલ્લે, વિશ્વનો કોઈ પણ પ્રકારનો કચરો ભૂમિ, જળ, વાયુને પ્રદુષિત તો કરે જ છે. આવા પ્રદૂષણને નાથવા અને પર્યાવરણનું જતન કરવા સંદર્ભે ઋગ્વેદનો ઉપદેશ છે કે - વનસ્પતિ વન આસ્થાપયધ્વમ્ અપ્સુ ભેષજમ્ (૧.૨૩.૧૯)', અર્થાત્ શુદ્ધ જળમાં અમૃત અને ઔષધનો નિવાસ હોય છે, તેથી જળ-પ્રદૂષણ કરવું એ વિનાશકારી આપત્તિ. યજુર્વેદનો ઉપદેશ છે કે : માપો મૌષધીર્હિંસી : (૬.૨૨), અર્થાત્ જળ અને ઔષધિને ન હણો તેમજ 'વનસ્પતે શતવલ્શો વિરોહ (૫.૪૩),' અર્થાત્ હે વનસ્પતિ! તું સેંકડો સ્થાનો પર અંકુરિત હો. ટૂંકમાં, પૃથ્વી પર ઠેરઠેર વેરાયેલા, પથરાયેલા અને છવાયેલા વિવિધ જાતભાતના કચરાના કારણે પ્રદૂષિત થયેલાં જળ, વાયુ અને વનસ્પતિ પોતાનાં સત્ત્વો ગુમાવી દે છે. આ એક પ્રકારનો પ્રલય જ છે, જે માનવજાતનો વિનાશ આજે નહીં તો કાલે સર્જવાની અણી પર છે.

**- પ્રા. જે. આર. વઘાશિયા**

**(સાભાર : નવનીત સમર્પણ - માર્ચ ૨૦૧૯)**

Registration No. with Registrar of Newspapers - MAHGUJ/2003/10411
Postal Registration No. MNW/08/2018-20
Published on 1st of every month
Date of Posting : 7th & 8th of every month

WPP License No - MR/Tech/WPP-34/NW/2019
License to post without prepayment
To be Posted at Mumbai Patrika Channel sorting office
Mumbai 400001

# સંસાધન પર અધિકાર એ જ સાચું સ્વરાજ

હું કેરળનો ખેડૂત છું. વરસોથી પર્યાવરણ સંરક્ષણ સાથે સંકળાયેલી એક આંતરરાષ્ટ્રીય સંસ્થામાં કામ કરીને થયું, લાવ ખેડૂત બનીને દરદનો અનુભવ કરીએ અને રસ્તો શોધીએ. મારાં મા-બાપ મને પાગલ કહેતાં, તેમની વાત પણ સાચી હતી કે જ્યારે સરકારી સર્વે મુજબ દેશના ૭૬ ટકા ખેડૂતો ખેતી છોડવા માગે છે, જ્યારે ખેડૂતોની નવી પેઢી ખેતી કરવા રાજી નથી ત્યારે હું આ અવળા વહેણે કઈ રીતે તરી શકીશ ? આ અગાઉની યુ.પી.એ. સરકાર તો કહેતી હતી કે કુલ વસ્તીના ૧૦ ટકાથી વધુ ખેતીમાં રોકાયેલા ન રહેવા જોઈએ, તો જ વિકાસ થશે. તેમને ખેતીમાંથી ખદેડી મૂકો. પરિણામે તેમની જમીન જાત-ભાતની યોજનાઓ દ્વારા વિકાસના નામે, પીપીપીના નામે પડાવી લેવાય. ચાલો, માની લો કે તેમની વાત સાચી. આપણે ૫૦ કરોડ લોકોને ખેતીમાંથી ખદેડી મૂકીએ પણ પછી તેમનું કરીશું શું ? શું તે બધા માટે ૪-૫ મીંડાંના માસિક પગારવાળી નોકરીઓ શહેરોમાં વાટ જોઈને બેઠી છે ? એક ખેડૂત તરીકે મને કહેતાં શરમ આવે છે કે રાજ્યનો ૧૫ ટકા ખોરાક જ અમે પકવીએ છીએ, બાકીનો ખોરાક અન્ય રાજ્યોમાંથી લાવીએ છીએ. જમીનો એટલી મોંઘી થઈ ગઈ છે કે ખેતી કરવા માટે તે ખરીદી જ ન શકાય. એક-દોઢ એકરના ખેડૂત વિચારે છે કે જમીન વેચીને મળતાં નાણાં બેંકમાં મૂકી, નવું ઘર ખરીદી વ્યાજે જીવીએ. રાજ્યના લોકોનું મહદ્અંશે ગુજરાન ખેતી પર નહીં, અખાતી દેશોમાંથી કમાયેલાં નાણાંને આધારે ચાલે છે.સરકારી આંકડા પ્રમાણે ખેડૂત પરિવારની, હા, પરિવારની - વ્યક્તિની નહીં - માસિક આવક માત્ર સાડાત્રણ હજાર જેટલી છે. સરકાર કહે છે કે ૨૦૨૨ સુધીમાં બમણી કરીશું, એટલે કે સાત હજાર! શું સાત હજારમાં જીવી શકાશે ? સામાન્ય ખેડૂત અને ખેતીની આવક ઘટતી જાય છે ત્યારે રિલાયન્સ, અદાણી અને ટાટાનો એગ્રી બિઝનેસ ધૂમ નફો કરે છે. આ વિરોધાભાસ સમજાતો નથી.

ખેડૂતોના હાથમાંથી માત્ર જમીન નહીં, પાણી અને જંગલ પણ ઝૂંટવાઈ રહ્યાં છે. પણ મારે ખાસ બીજની લૂંટ પર ધ્યાન દોરવું છે. ભારતની ખેતીનો ઈતિહાસ જૂનો છે. અહીં ૧૨૦૦૦ વર્ષથી ખેતી થાય છે અને હજારો પ્રકારનાં બીજ ખેડૂતોએ આ વરસો દરમ્યાન સંશોધિત કર્યાં, સાચવ્યાં. સંવર્ધિત કર્યાં છે. આજે ભારતનું બીજ બજાર ૨૧ હજાર કરોડનું છે, જે ૨૦૨૩માં ૫૦ હજાર કરોડનું થવાનું છે. ખેડૂતની આવક બમણી થશે કે નહીં તેની ખબર નથી પણ બીજ કંપનીઓનો વેપાર અચુક બમણો થશે. આ બજાર પર કાબૂ મેળવવા જનીન રૂપાંતરિત જેવી નુકસાનકારક ટેકનોલોજી લાવવામાં આવી છે. ભારત સમેત વિશ્વભરમાં ત્રણ દાયકાથી તેની સામે વિરોધ થઈ રહ્યો છે. આપણે બી ટી રિંગણને રોક્યાં. તેમણે ચાલ બદલીને સ્વદેશી યુનિવર્સિટીનો જનીન રૂપાંતરિત રાયડો ઘૂસાડવાની ચેષ્ટા ચાલુ કરી છે. આપણે આંદોલન ચાલુ રાખવું પડશે, નહીં તો એ લોકો બાજ નજરે બેઠા છે. જેવી તક મળશે તેવી તરત ચીલઝડપ કરશે. કિસાન સ્વરાજ માટે આ બધા પ્રાકૃતિક સ્રોતો પર પ્રજાના અધિકારો અનિવાર્ય છે.

**- રાજેશ ક્રિષ્નન**

**(સાભાર : ભૂમિપુત્ર, તા.૧-૦૩-૨૦૧૯)**

પ્રતિ,

Printed and Published by **ATUL HARSUKHLAL SHAH** on behalf of **Viniyog Parivar Trust**, Printed at **RAJUL ARTS**, DR DAMJI COMPOUND, BEHIND BUS STOP NO. 379, GHATKOPAR (EAST), MUMBAI 400 077, and published from **VINIYOG PARIVAR TRUST**, B-2,104, VAIBHAV, JAMBLI GALI, BORIVALI (WEST), MUMBAI 400 092. Tel.: 28991781, 28980749 Email : vinyogparivar@gmail.com - Editor : **Sanjay Gandhi**